૪
૨૦૦૭

૩૦૧૫

વિધાસાધના યોજના હેઠળ ધોરણ-૮ માં અભ્યાસ કરતી અ.જ.જાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવા બાબતની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત..

૨૫
૪/૫/૦૭

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારો ઠરાવ ક્રમાંક : અનશ/૦૦૬/ન.બા.૨૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૯/૦૫/૨૦૦૭

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૦૬/ન.બા.૨૨/ગ,તાઃ૩૦/૩/૨૦૦૭
૨. સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ )વિભાગને ઠરાવ ક્રમાંકઃપીએમએસ/૧૦૯૮/સાયકલ/૩૦૯/૨૦૦૪/ગ તાઃ૨૫/૨/૨૦૦૪
૩. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તાઃ૨૬/૪/૨૦૦૭નો પત્ર કઃ આ.વિ/શિક્ષણ/૧/૨૦૦૭-૦૮/૪૫૮

ઠ રા વ :-

વિધાસાધના યોજના હેઠળ માધ્યમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવાની રૂ.૨૫૮/- લાખની વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં સમાષ્ટિ બાબતને વંચાણે ક્રમાંક(૧) ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, જેની શરતોમાં કમિશનરશ્રી આદિજાતિ વિકાસના તાઃ૨૬/૪/૦૭ની દરખાસ્ત અન્વયે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. શરત નં (૪) રદ કરી તેની જગાએ નીચે મુજબ શરત રાખવામાંઆવે છે. હાલ પોતાના રહેઠાણથી અન્ય ગામ / શહેરમાં અવરજવર કરતી કન્યાઓઓને સાયકલ સહાય આપવાની જોગવાઇ ઉપરાંત શહેરી વિસ્તારમાં ૩ કિ.મી. ના અંતરે અને ગામના જુથ / પરામાં ૨.૫ કિ.મીના અંતરે આવેલ માધ્યમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી અનુ. જનજાતિની કન્યાઓને સાયકલ ખરીદવા સાયકલ સહાય રૂ.૧૫૦૦/- થી વધારી રૂ.૨૦૦૦/- કરવામાં આવે છે.

શરત નં(૬) યોજનામાં લાગુ પડતી ન હોઇ રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(૨)

(૫૬)

(જ્યોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર

૪/૫/૦૭